# ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ

**આજે રાષ્ટ્રપતિ પદ માટે મતદાન : વિધાનસભાના ચોથા માળે મતદાન મથક બનાવાયુ : ગુજરાતના ધારાસભ્યોના મતનું મૂલ્ય ૧૪૭ : મુર્મુ આજે અમદાવાદ પ્રચાર અભિયાન માટે આવી પહોંચ્યા હતા**

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રપતિ પદ માટે આજે યોજાનારી ચૂંટણીનું મતદાન મથક ગુજરાત વિધાનસભા સંકુલના ચોથા માળે બનાવવામાં આવ્યુ છે.

આ ચૂંટણીમાં એન.ડી.એ.ના દ્રૌપદી વર્મા અને વિપક્ષના યશવંત સિંહા વચ્ચે સીધો જંગ યોજાવાનો છે. બેલેટ પેપરથી ગુપ્ત મતદાન યોજાવાનું હોઈ રાજ્યના તમામ ધારાસભ્યો તેમના મતાધિકારના ઉપયોગ માટે ગાંધીનગર આવી પહોચ્યા છે.

આજે ગાંધીનગર નજીક આવેલ એક હોટલમાં ભાજપના સભ્યોની બેઠક મળી હતી. જેમાં એન.ડી.એ.ના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમની તરફેણમાં મતદાન કરવા સૌને અપીલ કરી હતી.

સુશ્રી મુર્મુ આમ તો ૧૫મીએ ગુજરાતના પ્રવાસે આવવાના હતા પરંતુ ભારે વરસાદને પગલે તેમનો પ્રવાસ કાર્યક્રમ રદ થયો હતો. તેઓ આજે આવ્યા હતા.

સવારે ૧૦ વાગ્યાથી આ ચૂંટણી માટેના મતદાનનો આરંભ થશે અને સાંજે ૫ વાગ્યા સુધી આ મતદાનની પ્રક્રિયા ચાલશે.



પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે ભાજપના તમામ સભ્યો બપોરે ૧૨ વાગ્યા સુધીમાં મતદાન કરી દેશે તેવી વ્યુહરચના તૈયાર કરવામાં આવી છે.

વિપક્ષ દ્વારા સંયુક્ત ઉમેદવાર યશવંતસિંહા પણ ગુજરાતના પ્રવાસે આવી ગયા હતા. તેમણે પણ વિપક્ષના તમામ મત તેમને મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતના ધારાસભ્યોના મતનું મૂલ્ય ૧૪૭ મત બરાબર છે. ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે આ મૂલ્ય નિયત કરવામાં આવ્યુ છે. આ ચૂંટણીના મતદાન માટે ખાસ પેન સભ્યોને આપવામાં આવશે તેનાથી તેઓ મતદાન કરશે.

સાંજે મતપેટી સાથે ચૂંટણી અધિકારીઓ દિલ્હી જવા રવાના થશે. આ માટે તમામ તૈયારીઓ વિધાનસભા ખાતે પૂર્ણ કરી દેવામાં આવી છે.

# સમાજની શરમ : અંધકારના ઓળે સરગાસણમાં નવજાત બાળક ત્યજી દેવાયુ

**સરગાસણ-તારાપુર માર્ગ પર આવેલા ખુલ્લા ખેતરમાંથી માટી અને ગારમાં લપેટાયેલ નવજાત બાળક મળી આવતા ચકચાર : બાળકને શરીરે કીડીઓ અને જીવજંતુઓ ચોંટી ગયા હતા અને શ્વાસ લેવામાં પણ તકલીફ થતા તેને સિવિલમાં દાખલ કરાયુ**



ગાંધીનગર, તા. ૧૭

નિઃસંતાન યુગલો શેર માટીની ખોટને પુરી કરવા પથ્થર એટલા દેવ પૂંજે છે અને વર્ષો સુધી દવાખાનાઓના ચક્કર કાપે છે ત્યારે માંડ તેમને સંતાનનું સુખ પ્રાપ્ત થાય છે. એની સામે આપણે એવા કિસ્સાઓ પણ જોઈએ-સાંભળીએ છે જ્યાં પોતાની કુખે જણેલા નવજાત બાળકને ત્યજી દેતાં જરાકવાર માટે પણ માતાનું હૃદય કાંપતુ નથી. સમાજની શરમ હેઠળ કે અન્ય કોઈ કારણસર કોઈ મહિલાને પોતાનું બાળક જાહેરમાં ત્યજવુ પડે તે સમાજ માટે શરમની વાત છે.

ગાંધીનગર-સરખેજ હાઈવે પર તારાપુર પાટીયા નજીક પાટીદાર ઓટો કન્સલટન્સી પાછળ આવેલા ખુલ્લા ખેતરમાંથી વહેલી સવારે એક બાળક ખુબ જ દયામણી પરિસ્થિતિમાંથી મળી આવ્યુ. વહેલી સવારે અહીંથી પસાર થતાં એક સ્થાનિક રહેવાસીને બાળકના રડવાનો અવાજ સંભળાયો ત્યારે તેણે તે દિશામાં તપાસ કરતા તેને આઘાત લાગ્યો હતો. એક નવજાત બાળક માટીમાં અડધુ દટાયેલુ હોય તેવી હાલતમાં જોવા મળ્યુ હતુ. આ બાળક વરસાદમાં ભીંજાયેલું, માટીથી રગદોળાયેલુ જોવા મળ્યુ હતુ. તાજા જ જન્મેલા બાળકને જાણે મરવા માટે છોડી દેવાયુ હોય તેમ સ્પષ્ટ દેખાઈ આવતુ હતુ. બાળકના આખા શરીરે માટી તો ચોંટેલી જ હતી સાથે સાથે અસંખ્ય કીડીઓએ તેને ચટકાં ભર્યા હતા અને નાના જીવજંતુઓ પણ તેના શરીરે ચોંટી ગયા હતા. વહેલી સવારે હજુ તો ઉઘાડ નીકળે તે પહેલા કોઈ શખ્સ કે મહિલા તેને અહીં મરવા માટે અને કુતરાઓનો શિકાર બનવા માટે મુકી ગયુ હોય તેવુ લાગતુ હતુ. બાળકની હાલત જોઈને કંપારી છુટી જતી હતી. વરસતા વરસાદમાં નવજાતને ત્યજી દેવાયુ હોવાથી શ્વાસ લેવામાં પણ તેને મુશ્કેલી અનુભવાતી હતી. ત્યજી દેવાયેલા બાળકની હાલત ગંભીર જણાતા સૌ પ્રથમ તેને નજરે જોનાર સ્થાનિકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી અને બાળકને હોસ્પિટલ પહોંચાડવાની તજવીજ હાથ ધરી હતી. બાળકની હાલત ગંભીર જણાતા ફોન પર જ ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટનો સંપર્ક કરાયો હતો. બાળકને શ્વાસ લેવામાં ખુબ જ તકલીફ પડી રહી હોવાથી તેને સિવિલ પહોંચાડતા પહેલાં જ એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર આપવાની શરૂ કરી દેવાઈ હતી. બાળકને ઓક્સિજન આપી ગરમ વસ્ત્રોમાં લપેટીને તુરંત જ ગાંધીનગર સિવિલમાં પહોંચાડાયુ હતુ. બાળકની હાલત ગંભીર જણાતા તેને તાત્કાલિક એનઆઈસીયુમાં ખસેડવામાં આવ્યુ હતુ. જ્યાં હાલમાં તેની સારવાર ચાલી રહી છે.

પોલીસે આ બાબતે તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારમાંથી જ કોઈ મહિલાએ પોતાનુ પાપ છુપાવવા કે અન્ય કોઈ કારણસર બાળકને ત્યજી દીધુ હોય તેવી શક્યતા હોવાથી આસપાસના વિસ્તારોમાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# ગુડાની કુડાસણની એમઆઈજી આવાસ યોજનામાં પણ અનેક દુવિધાઓ

**વરસાદી દિવસોમાં દિવાલમાંથી ભેજ ઉતરવા સહીત પાર્કીંગ તેમજ ગેસ લાઇનની સુવિધાઓનો પણ અભાવ : લાભાર્થીઓમાં રોષ : રાયસણની આવાસ યોજનામાં પણ ગરીબ લાભાર્થીઓની બુમરાણ**

ગાંધીનગર તા ૧૭

કુડાસણમાં ગુડા નિર્મિત એમ આઈ જી આવાસોના બાંધકામમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. વરસાદી દિવસોમાં આવાસોની દિવાલમાંથી ભેજ ઉતરવા લાગ્યો હોવાની ફરિયાદોના લીધે લાભાર્થીઓમાં આગ બબુલા બન્યા છે. જયારે દરવાજા સહીત પાર્કીંગ અને લીફટ સહીતના અનેક પ્રશ્નોથી લાભાર્થીઓ પરેશાન છે. જયારે રાયસણ સ્થિત ગુડાની એલ આઈ જી આવાસ યોજના પણ ગરીબ લાભાર્થીઓ માટે મુંઝવણરૂપ બની છે. સુવિધાના અભાવ વચ્ચે દુવિધાઓનુ દંગલ સર્જાયુ છે. ગરીબ લાભાર્થીઓ ગુડાના તંત્રને ફરિયાદ કરીને થાકી ગયા છે.

કુડાસણમાં મિડલ ઈન્કમ ગૃપ માટે તૈયાર કરાયેલી ફલેટ ટાઈપ આવાસ યોજનામાં રહીશો માટે ડગલે ને પગલે દુવિધાઓ ઉભી થતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આ મામલે અગાઉ ગુડાના ચીફ એક્ઝિકયુટીવ ઓથોરિટીને પણ લેખિતમાં જાણ કરવામાં આવી હતી. પરંતુ આ મામલે કોઈ પગલા લેવાયા નથી આ આવાસ યોજના અન્વયે ગુડા દ્વારા અંદાજિત ૨૪૦ જેટલા ફલેટ બાંધવામાં આવ્યા છે. જયારે મધ્યમવર્ગના લાભાર્થીઓને આવાસોની ફાળવણી કરવામાં આવી છે. જયારે આ સ્થિતિ વચ્ચે લાભાર્થીઓને વાહન પાર્કીંગ માટે પણ પુરતી જગ્યા ન મળતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે સ્થાનિકોએ આ મામલે પાછળની બાજુએ સ્થિત ખાલી જગ્યામાં પાર્કીંગ પ્લેસ માટે ફાળવવા માટે પણ માંગણી કરી છે. આ આવાસોમાં લીફટ પણ વારંવાર બંધ થઈ જતી હોવાની ફરિયાદો સ્થાનિકો કરી રહ્યા છે. જયારે વરસાદી દિવસોની શરૂઆતમાં જ આવાસોની દિવાલમાંથી ભેજ ઉતરતા નવી મુસીબત ઉભી થઈ છે. વારંવાર લાઈટો ડુલ થવાની સાથે લાભાર્થીઓને ગેસ પાઈપલાઈનની પણ સુવિધા મળી નથી. આ આવાસ યોજનાનુ વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરાયુ હતુ. આમછતા હજુ સુધી સુવિધાઓના

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૨૮-૨૯ના રોજ પ્રધાનમંત્રી મોદી ગાંધીનગર આવશે



ગાંધીનગર, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ અને ૨૯ જુલાઈના રોજ ગાંધીનગર આવી રહ્યા છે.

અગાઉ વડાપ્રધાન ૧૫ જુલાઈના રોજ ગુજરાત આવવાના હતા અને તેઓ હિંમતનગર તેમજ ગાંધીનગર ગિફટસીટીના કાર્યક્રમમાં હાજરી આપનાર હતા. ભારે વરસાદને પગલે આ કાર્યક્રમ રદ થયા હતા.

હવે ૨૯મી જુલાઈના રોજ આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૮મીએ બપોર બાદ ગાંધીનગર આવી પહોંચશે. તેઓ ૨૮મીએ વરસાદે વેરેલા વિનાશ અંગે તંત્રએ કરેલી કામગીરી, રાહતકાર્ય તેમજ નુકશાનની વિગતો અંગેની સમીક્ષા કરશે તેમ મનાઈ રહ્યુ છે.

૨૯મીએ તેઓ સવારે હિંમતનગર સાબરડેરીના કાર્યક્રમમાં હાજરી આપી વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કરશે. આ પછી તેઓ ગાંધીનગર ગિફટસીટીના કાર્યક્રમમાં હાજરી આપી દિલ્હી જવા રવાના થશે.

# કોરોના વિસ્તર્યો : શહેરમાં નવા ૧૫ અને ગ્રામ્યમાં ૧૬ કેસ નોંધાયા

**ગાંધીનગર શહેરમાં આજે સરગાસણ, ઈન્ફોસીટી અને સે. ૨ માં ૩-૩ કેસ નોંધાયા, આ ઉપરાંત સે. ૧, ૨૯, ૩, ખોરજ, વાવોલ અને આઈઆઈટીમાંથી કેસ મળ્યા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩, ગાંધીનગરમાં ૫ અને કલોલમાં ૮ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના સતત વિસ્તરી રહ્યો હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૧૫ અને ગ્રામ્યમાં કોરોનાના નવા ૧૬ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ તેમજ ૬૦થી વધુ વયના અને ટીનેજર્સ વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ વધુ મળી રહ્યા છે અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે. તંત્રએ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે. જો કે ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં જ બસ્સોથી વધુ કેસો કોરોનાના સામે આવ્યા છે તેથી તંત્ર દોડધામમાં વધુ વ્યસ્ત બન્યુ છે. કોરોનાને પગલે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન તંત્ર દ્વારા બનાવવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દી અને ૬૦થી વધુ વયના એક દર્દીનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં આજે સરગાસણ, ઈન્ફોસીટી અને સે. ૨ માં ૩-૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧, ૨૯, ૩, ખોરજ, વાવોલ અને આઈઆઈટીમાંથી કેસ મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૭ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો નોંધાયો છે જે ૮૫ ટકા જેટલો છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા દર્દીઓ સાથે ૧૬૩ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાં ૮ મહિલા, ૩ વિદ્યાર્થી, અને એક ખેડૂતનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩,

● અનુસંધાન પાન-૭ પર



સે-૨૬ જી આઈ ડી સી વિસ્તારમાં સ્થિત ગ્રીનસીટીમાં આર બી એલ તેમજ આર સી એલ ક્વાટર્સ છેલ્લા ઘણાં સમયથી જોખમી હાલતમાં છે. આ મામલે સ્થાનિક રહીશો દ્વારા પણ સંબંધિત તંત્રને અનેકવાર રજુઆત કરી છે. પરંતુ જુના મકાનો તોડીને નવુ બાંધકામ ઉભુ કરવા માટે કોઈ આયોજન કરાયુ નથી જયારે હાલ વરસાદી દિવસોમાં આ આવાસમાં એક મકાનના ધાબાનો આખો સ્લેબ તુટી પડતા રહીશોના જીવ પડીકે બંધાયા હતા. જો કે સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. ત્યારે હવે જી આઈ ડી સીના અધિક્ષક ઈજનેર કક્ષાએથી ક્ષતિગ્રસ્ત મકાનો ખાલી કરી સલામત સ્થળે ખસી જવા માટે અપીલ કરવામાં આવી છે. સે-૨૬ ગ્રીન સીટી ખાતે સ્થિત આ મકાનો સ્ટ્રકચરલ સ્ટેબિલીટીના રીપોર્ટ મુજબ હાલ રહેણાંકને લાયક રહ્યા ન હોવાનુ પણ જણાંવાયુ છે. એકબાજુ વરસાદી દિવસોની શરૂઆતના અંતે મકાનમાં મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા બાદ રહીશોની સલામતી આમ પણ જોખમમાં મુકાઈ છે. ત્યારે લાંબા સમયથી સ્થાનિકોની રજુઆતોની અવગણના થઈ હોવાની લાગણી પ્રબળ બની છે. ગુજરાત આદ્યોગિક વિકાસ નિગમ સફાળા જાગીને રહીશોને ચેતવણી આપી રાતોરાત અન્યત્ર ખસી જવા માટે જણાંવતા રહીશોમાં પણ મુંઝવણ ઉભી થઈ છે.

# કોલવડા ઝુંપડાવાસીઓના મકાનમાં પાણીનો બોર ચલાવવા માટે પણ રૂપિયાની ઉઘરાણી

**વસાહતમાં રહેતા કેટલાક તત્વો જ દાદાગીરી કરી પૈસા ઉઘરાવતા હોવાનો આક્રોશ : આવાસોની જાળવણીનો મુદ્દો એક દાયકાના અંતે પણ રામભરોસે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં કોલવડા પાસે ગરીબો માટે નિર્માણ કરાયેલા આવાસોમાં હજુ અંદાજિત ૮૦ જેટલા મકાનો ફાળવવાના બાકી છે. જયારે મોટાભાગના ગરીબ લાભાર્થીઓને આ ઝુંપડાવાસીઓની વસાહતમાં મકાન આપી દેવાયા છે. પરંતુ આ વસાહતમાં મકાનોની જાળવણી માટે કોઈ કમિટી બનાવવામાં આવી નથી જયારે બીજીતરફ સ્થાનિક તત્વો દ્વારા ગૃપ બનાવીને પાણીનો બોર ચલાવવા માટે પ્રત્યેક મકાનોમાંથી રૂપિયા ઉઘરાવામાં આવતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. આ સ્થિતિ વચ્ચે ગરીબ લાભાર્થીઓ પણ તોબા પોકારી ગયા છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ચોરીનો ઉપદ્રવ પણ વધી ગયો છે.

શહેર નજીક કોલવડામાં ઝુંપડાવાસીઓ માટે અગાઉ નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જેમાં અંદાજિત ૮૨૦ જેટલા નવા મકાનો બાંધી ઝુંપડાવાસીઓને આ આવાસ ફાળવવામાં આવ્યા છે. જો કે આ પૈકી હજુ ૨૦ જેટલા મકાનોની ફાળવણી કરવામાં આવી ન હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. કોલવડાની આ વસાહત તૈયાર કરવાનુ કામ પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવ્યુ હતુ જયારે રહીશોને કલેકટર કક્ષાએથી ડ્રો કરીને મકાનો ફાળવવામાં આવ્યા હતા જેમાં મોટાભાગના મકાનોમાં હાલ લાભાર્થીઓનો વસવાટ છે. પરંતુ હાલ આ મકાનોની જાળવણીનો મુદ્દો રામભરોસે છે. અલબત્ત આવાસોની જાળવણી માટે કમિટી બનાાવાનુ પણ આયોજન કરાયુ હતુ. પરંતુ આ માટે નિયત કરાયેલી રકમ પણ લાભાર્થીઓએ જમા ન કરાવતા કમિટીની રચના કરવામાં આવી ન હતી જયારે હાલ આ આવાસોમાં પાણીનો બોર કાર્યરત રાખવા માટે સ્થાનિક તત્વો દ્વારા ગૃપ બનાવી ઘરે ઘરે થી પૈસા ઉઘરાવામાં આવી રહ્યા છે. જેના લીધે કેટલાક ગરીબ પરિવારો પરેશાન છે. જયારે આ મુજબ પૈસા ન આપનાર લાભાર્થીઓને ધાકધમકી પણ આપવામાં આવી રહી છે. કોલવડાની આ વસાહતમાં રહેતા તત્વો દ્વારા ગરીબ મહીલાઓને પણ દાદાગીરી કરી પરેશાન કરવામાં આવી રહી હોવાનુ ચર્ચા સ્થાને છે. વધુમાં આ વિસ્તારમાં ચોરીનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. ત્યારે આવાસોના નિર્માણ બાદ પણ ઝુંપડાવાસીઓએ પરેશાની વેઠવી પડે તેવી સ્થિતિ છે. આ મામલે ત્વરિત જરૂરી પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. કોલવડા નજીક આ આવાસ યોજના બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ હજુ સુધી આ મકાનોની જાળવણી માટે કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી જેના લીધે સ્થાનિક રહીશો પૈકી કેટલાક તત્વો દાદાગીરી કરી ગરીબ લાભાર્થીઓને કનડગત કરતા હોવાની ફરિયાદો પણ પ્રબળ બની છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૬૪૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં આજે કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. તેને અર્થ એમ નથી કે કોરોનાનો ખતરો ઘટી ગયો છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૬૦૦ થી વધુ આવી રહ્યા છે. સાવચેતી નહીં રાખો તો આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૪૪ કેસ નોંધાયા છે.

જ્યારે કોરોના સંક્રમણથી ૫૦૦ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રહાતની વાત એ છે કે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૩ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૪૭૭૬ એક્ટિવ કેસ છે. જેમાંથી ૭ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૭૬૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૨૭,૦૦૧ દર્દીઓ મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૫૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com